રાજ્યમાં હાઈએલર્ટ : ૪૮ કલાકમાં વાવાઝોડાનો ભય

ગુરૂવારની સાંજ સુધી નાગરિકોને બહાર ન નિકળવા સરકારની અપીલ : આગામી ૪૮ કલાકમાં અતિભારે વરસાદની શક્યતા

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ પ્રદેશોમાં છેલ્લા અડતાલીસ કલાકથી ચાલી રહેલા ભારે વરસાદ વચ્ચે હવે ગુજરાતમાં વાવાઝોડુ ત્રાટકે તેવી ભીતી સર્જાઈ છે. ભારતીય હવામાન વિભાગની લેટેસ્ટ સેટેલાઈટ ઈમેજ અનુસાર અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશનના કારણે મોટું વાવાઝોડું સર્જાયું છે. જે આગામી અડતાલીસ કલાકમાં મુંબઈ અને ગુજરાતના દરિયાકાંઠાને હિટ કરે અને જેના પગલે રાજ્યભરમાં હજુ ભારેથી અતિભારે વરસાદ પડે તેવી શક્યતા સર્જાઈ છે. જેના પગલે ગુજરાત સરકાર દ્વારા લોકોને ગુરૂવાર સાંજના ૫ વાગ્યા સુધી ક્યાંય ન જવા માટે અપીલ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આ મેસેજ વોટ્સએપ પર પણ ફરતો કરવામાં આવ્યો છે.

ભારે વરસાદના પગલે રાજકોટમાં બે દિવસસુધી સ્કૂલ-કોલેજો બંધ રાખવા કલેક્ટર તંત્ર દ્વારા આદેશ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીમંડળની એક ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં વરસાદના કારણે ઉભી થનારી આપાતકાલિન સ્થિતિને પહોંચી વળવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીઓને તમામ તૈયારીઓ કરવાના આદેશ આપ્યા હતા. બીજી તરફ અમદાવાદમાં શરૂ થયેલા ભારે વરસાદના પગલે કમિશનર અને મેયરનો દિલ્હી પ્રવાસ રદ કરવામાં આવ્યો છે.



સુવિચાર : વિશ્વના એક એક માણસને સમૃદ્ધ કરવા જેટલી પૃથ્વી સમૃદ્ધ છે, પણ પાર વિનાના લોભે માણસને સ્વાર્થી ઝેરીલો બનાવી દીધો છે- માનસસૂત્ર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૬ | ૨૫ જૂન, ૨૦૧૫, ગુરૂવાર ; અધિક અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગરમાં મેઘરાજાની પધરામણી

શહેરમાં ત્રણ કલાકમાં અઢી ઈંચ વરસાદ : નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૪

ઘણા ઘણા દિવસોની રાહ જોવડાવ્યા બાદ આખરે આજે બપોરે મેઘરાજાની સવારી ગાંધીનગરમાં આવી પહોંચી હતી. બપોરે શરૂ થયેલો ધોધમાર વરસાદ છેક મોડી સાંજ સુધી અવિરત ચાલુ રહેતા સમગ્ર શહેર પાણી પાણી થઈ ગયું હતું. બપોરથી સાંજે સાડા પાંચ સુધી શહેરમાં ૬૨ મી.મી.જેટલો વરસાદ નોંધાયો હતો.

ઘણા મહિનાઓથી આકરી ગરમી, તાપ અને બફારાના કારણે ત્રસ્ત બનેલા મેઘરાજાએ ગાંધીનગરના વસાહતીઓને ખુશ કરી દીધા હતા. છેલ્લા બે દિવસથી આકાશમાં છવાયેલા વાદળોએ બુધવારે બપોરે વરસવાનું શરુ કરી દીધું હતું. કોઈ પણ જાતના ધાંધલધમાલ વિના એકદમ શાંત રીતે મેઘરાજાની સવારી ગાંધીનગરમાં આવી પહોંચી હતી. ધીમે ધીમે શરૂ થયેલા વરસાદે સાંજ પડતા ગતિ પકડી હતી. વાદળોની ગર્જના કે વિજળીના કડાકા વિના શરૂ

● અનુસંધાન પાન-૭ પર

સેકટરોની શેરીઓ સહિત મુખ્ય માર્ગો વરસાદી પાણીથી ઘમરોળાયા

શહેરમાં આજે બપોરે મેઘરાજા મનમુકીને વરસી પડતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતું.શહેરના મુખ્ય માર્ગોથી લઈ સેકટરોની શેરીઓ વરસાદી પાણીથી ઉભરાઈ હતી.નગરમાં ઘ-૩ ,ખ-૩ ઘ-૪ તેમજ પ્રેસ સર્કલ સહિત સેકટરોના રીંગ રોડ ઉપર પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા.મુશળધાર વરસાદના લીધે રસ્તાઓ પર વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતું.વરસાદી પાણી ભરાઈ જતા નગરજનોએ પણ હાલાકી વેઠવી પડી હતી. શહેરમાં આમ પણ સ્ટાર્મ વોટર લાઈનના નામે મીંડુ છે.ત્યારે સેકટરોના કોમન પ્લોટ પણ તળાવમાં ફેરવાયા હતા.ઈન્ફોસિટિ થી રિલાયન્સ ચોકડી તરફના માર્ગ પર પણ વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો હતો. વરસાદી પાણીની સાથે ઠેર ઠેર કચરો તણાંઈ આવતા ગંદકી ખદબદતી જોવા મળી હતી.

નગરજનોએ મેઘરાજાના હેતે ઓવારણાં લીધા

શહેરમાં આજે બપોરે આકાશમાં ઘેરાયેલા ઘટાટોપ વાદળો વરસી પડયા હતા. બપોરે હળવી વાદળ ગર્જના સાથે મેઘરાજાની પધરામણી થતા નગરજનોએ હર્ષભેર મેઘરાજાની વધામણી કરી હતી.છેલ્લા બે દિવસથી આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસવાના બદલે હાથતાળી આપી જતા નગરજનો ઉત્સાહભેર મેહુલિયાની વાટ નિરખતા હતા.ગઈકાલના વાદળિયા વાતાવરણ અને ઠંડા પવન બાદ મોડી સાંજે પણ વરસાદ આવશે તેવી પ્રબળ આશા બંધાઈ હતી.પરંતુ વરસાદી વાદળો વિખેરાઈ જતા મેહુલિયાના આગમનની આશા ઠગારી નિવડી હતી.જયારે વાતાવરણમાં પણ ઉકળાટ પ્રવર્તયો હતો.એકબાજુ રાજયમાં સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં મુશળધાર વરસાદ વરસતા નગરજનો વરસાદી હેલી માટે તત્પર બન્યા હતા. આજે પણ સવારથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે હોવાની સાથે બફારો અનુભવાતો હતો.પરંતુ આજે બપોરે ઠંડા પવનની લહેરકી સાથે વરસાદ મન મકીને વરસતા નગરમાં ઠંડક પ્રર્વતી હતી.વરસાદના આગમનને નગરજનોએ વધાવી ખુશનુમા વાતાવરણની મજા માંણી હતી.

બગસરામાં ૩૦, ધારીમાં ૨૨ ઈંચ વરસાદ

ગીરમાં ૧૭, ઉનામાં ૧૫ અને માળિયાહાટીનામાં ૧૨ ઇંચ વરસાદ : દીવના દરિયામાં ડીપ ડીપ્રેશન સર્જાતા

ગુજરાતમાં આફતના એંધાણ : ભારે વરસાદથી હાહાકાર : હાઈએલર્ટની જાહેરાત : હજુ ભારે વરસાદની ચેતવણી

અમદાવાદ, તા.૨૪

દિવના દરિયામાં સર્જાયેલા ડિપ ડિપ્રેશનના પગલે સૌરાષ્ટ્રમાં મેઘ તાંડવની સ્થિતિ સર્જાઈ ગઈ છે. બગસરામાં કલાકોના ગાળામાં જ ૩૦ ઈંચથી વધુ વરસાદ થયો છે જ્યારે ધારીમાં ૨૨, ગીરમાં ૧૭, ઉનામાં ૧૫ ઈંચથી વધુ વરસાદ થયો છે. રસ્તાઓ ઉપર નદીઓ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. ચારેબાજુ ભારે અંધાધૂંધી સર્જાઈ ગઈ છે. હજુ પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગઈરાતથી સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ થતાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. અનેક ગામડાઓ સંપર્ક વિહોણા થઈ ગયા હતા. ભારે વરસાદના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. બગસરામાં ૩૦ ઈંચ વરસાદ ખાબકતાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે રાજકોટ શહેરમાં ૧૪ ઈંચ જેટલા વરસાદે સમગ્ર શહેરનું જનજીવન ઠપ કરી દીધું હતું. અનેક ગામડાઓમાં ભારે વરસાદના કારણે અંધારપટ સર્જાયો હતો. જ્યારે ટેલીફોન અને મોબાઈલ સેવાઓ પણ ખોરવાઈ જવા પામી હતી.

આ ઉપરાંત ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં બસ અને રેલ વ્યવહારને પણ અસર થઈ હતી. ભારે વરસાદથી દક્ષિણ ગુજરાતના પણ અનેક વિસ્તારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદના પગલે શાળા-કોલેજો બંધ રાખવાનો સત્તાવાળાઓએ આદેશ કર્યા હતા. જ્યારે ભાવનગર યુનિવર્સિટી તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરીક્ષાઓ મોકુફ રાખવાની જાહેરાત કરી હતી. રાજ્યમંત્રી મંડળની આજે મળેલી બેઠકમાં ભારે વરસાદ તથા આગામી ૩૬ કલાકમાં વધુ ભારેથી અતિભારે વરસાદની આગાહી હોવાથી સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી તથા તંત્રને સાબદુ કરી અધિકારીઓની રજાઓ રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત તમામ મંત્રીઓને તેમના મત વિસ્તારમાં જ રહેવાની તાકીદ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

સૌરાષ્ટ્ર પર સંકટ

અનેક ઠેકાણે વૃક્ષોની ડાળીઓ તુટી નમી પડેલા વૃક્ષો ભયજનક

વરસાદી વાયરાની સાથે શહેરમાં વૃક્ષોની ડાળીઓ પણ તુટી હતી.કેટલાક ઠેકાણે વૃક્ષો જમીન દોસ્ત થયા હતા.તો સેકટરોમાં વૃક્ષોની ડાળીઓ તુટી પડતા આડશ બની હતી.ચોમાસા પૂર્વે આમ પણ વન વિભાગ દ્વારા વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવ્યુ નથી જેના પરિણામે નગરજનોએ હાલાકી વઠવી પડી હતી.બીજીતરફ નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાથી નગરજનોમાં ભય પ્રર્વત્યો છે.વન વિભાગ દ્વારા યોગ્ય સર્વે કરવાની પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

કોબા હાઇવે પર કન્સ્ટ્રકશન સાઇટની કમ્પાઉન્ડ વોલ તુટી

શહેરમાં આજે બપોરથી શરૂ થયેલો વરસાદ એકધારે વરસતા ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.જયારે વરસાદી વાતાવરણમાં શહેરમાં પણ અનેક વિકરાળ સમસ્યાઓ આંખ સામે આવી હતી.બીજીતરફ કોબા હાઈવે પર આવેલ શ્રી રંગ હાઈટસ ની કન્સ્ટ્રકશન સાઈટ પર કમ્પાઉન્ડ વોલ ધરાશાયી થઈ ગઈ હતી.જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. વરસાદી દિવસોની શરૂઆત થઈ ગઈ છે.ત્યારે શહેરના સરકારી મકાનો પણ વસાહતીઓ માટે ચિંતાનું કારણ બન્યા છે.ચોમાસા દરમિયાન સરકારી આવાસોમાંથી પોપડા ખરતા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવે છે.

૧ થી ૩૦ સેક્ટર માટે
આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬